Seat No.:

Sl. No. :

# 154(G)

**(February, 2025)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 6 વિભાગ અને 48 પ્રશ્નો છે.
2) પ્રશ્નની સૂચના અનુસાર જવાબ લખો.
3) પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
4) ફૂટપટ્ટી તેમજ પેન્સિલનો ઉપયોગ જરૂરી છે.
5) ગણના માટે સાદા કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકાશે.
6) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા 1 થી 20 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના જવાબ લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[20]**

1) ભાગીદારના ચાલુ ખાતાની જમા બાકીનું વ્યાજ પેઢી માટે શું ગણાય ?
   (A) ખર્ચ (B) દેવું
   (C) આવક (D) નુકસાન

2) વિરલ દર મહિનાની શરૂઆતમાં ₹ 500 નો ઉપાડ કરે છે. જો ઉપાડ પર વાર્ષિક 10% લેખે વ્યાજ વસુલ કરવાનું હોય તો ઉપાડનું વ્યાજ શોધો.
   (A) ₹ 275 (B) ₹ 300
   (C) ₹ 325 (D) ₹ 350

3) પાઘડીનો આધાર કોના પર રહેલો છે ?
   (A) ધંધાકીય એકમના કર્મચારીઓ પર
   (B) ધંધાકીય એકમના સંચાલકો પર
   (C) ધંધાકીય એકમની મિલકતો પર
   (D) ધંધાકીય એકમના ભવિષ્યમાં જળવાઈ રહે તેવા નફા પર

4) અધિક નફો એટલે.....
(A) રોકાયેલી મૂડી - અપેક્ષિત નફો
(B) અપેક્ષિત નફો - રોકાયેલી મૂડી
(C) સરેરાશ નફો - અપેક્ષિત નફો
(D) અપેક્ષિત નફો - સરેરાશ નફો

5) પુનઃ મૂલ્યાંકન ખાતું ....... પ્રકારનું ખાતું છે.
(A) વ્યક્તિ (B) ઉપજ-ખર્ચ
(C) માલ-મિલકત નિકાલ ખાતું (D) કામચલાઊ

6) ભાગીદારી પેઢીનું પુનર્ગઠન થાય ત્યારે ...... બનાવવામાં આવે છે.
(A) વેપાર ખાતું (B) પુનઃમૂલ્યાંકન ખાતું
(C) માલ-મિલકત નિકાલ ખાતું (D) નફા-નુકશાન ફાળવણી ખાતું

7) સ્વ-મૂલ્યાંકન દ્વારા આંકવામાં આવેલ પાઘડી કયા હિસાબી ધોરણ મુજબ ચોપડે દર્શાવી શકાય નહી ?
(A) 25 (B) 26
(C) 27 (D) 28

8) જ્યારે ફક્ત નફા-નુકશાનનું જૂનું પ્રમાણ જ આપેલ હોય ત્યારે જૂના ભાગીદારોનું ત્યાગનું પ્રમાણ = .......
(A) સરખા હિસ્સે (B) જૂનું પ્રમાણ
(C) જૂનો ભાગ - નવો ભાગ (D) શોધી શકાય નહી

9) X, Y, Z, 5 : 3 : 2 ના પ્રમાણમાં નફા-નુકશાન વહેચતાં ભાગીદારો છે. Z નિવૃત્ત થાય છે, તો નવું નફા-નુકશાનનું પ્રમાણ શોધો.
(A) 5 : 3 (B) 5 : 2
(C) 3 : 2 (D) 1 : 1

10) ભાગીદારી પેઢીના વિસર્જન સમયે મિલકતોની ઉપજમાંથી છેલ્લે કઈ ચૂકવણી કરવામાં આવે છે ?
(A) વિસર્જન ખર્ચ (B) ભાગીદારની મૂડી
(C) ત્રાહિત પક્ષના દેવા (D) ભાગીદારની લોન

11) પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દેવાદારો ₹ 49,000 અને ઘાલખાધ અનામત ₹ 5,000 હોય તો માલ-મિલકત નિકાલ ખાતે જમા બાજુએ કઈ રકમ લખશો ?
(A) ₹ 49,000 (B) ₹ 5,000
(C) ₹ 44,000 (D) ₹ 54,000

12) સેબીના નિયમ મુજબ શેરઅરજી વખતે મંગાવેલ શેરદીઠ રકમ તે શેરની ઇશ્યુ કિંમત કરતાં ...... ટકાથી ઓછી હોવી જોઈએ નહિ.

(A) 25
(B) 30
(C) 5
(D) 20

13) નીચેનામાંથી કઈ મૂડી કંપનીના પાકા સરવૈયામાં 'શેરમૂડી'ના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવતી નથી ?

(A) સત્તાવાર મૂડી
(B) બહાર પાડેલી મૂડી
(C) અનામત મૂડી
(D) ભરાયેલી મૂડી

14) કંપની નફામાંથી ડિબેન્ચર પરત કરવાનું નક્કી કરે તે પહેલાં કંપનીએ તેણે બહાર પાડેલા ડિબેન્ચરની કુલ દાર્શનિક કિંમતની રકમના ..... ટકા ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવા પડશે.

(A) 10
(B) 25
(C) 100
(D) 15

15) નીચેનામાંથી કયું વિશ્લેષણ પક્ષકારો આધારિત વર્ગીકરણ દર્શાવે છે ?

(A) બાહ્ય વિશ્લેષણ
(B) આડું વિશ્લેષણ
(C) ટૂંકા ગાળાનું વિશ્લેષણ
(D) ઉભું વિશ્લેષણ

16) એક કંપનીના ચાલું વર્ષના ખર્ચાઓ ₹ 3,00,000 છે અને તેમાં પાછલા વર્ષની સરખામણીમાં 20% વધારો થયો હોય તો પાછલા વર્ષના ખર્ચા કેટલા હશે ?

(A) ₹ 60,000
(B) ₹ 2,50,000
(C) ₹ 3,60,000
(D) ઉપરના એકેય નહિ

17) નીચેનામાંથી કોનો સમાવેશ કામગીરી ખર્ચામાં થતો નથી ?

(A) મિલકત વેચાણ નુકશાન
(B) આગથી થયેલ નુકશાન
(C) ચૂકવેલ વ્યાજ
(D) ઉપરના બધા

18) નીચેનામાંથી કઇ બાબતનો સમાવેશ ચાલુ ગુણોત્તર ગણવા માટે થતો નથી ?

(A) દેવાદારો
(B) સ્ટોક
(C) લેણી હૂંડી
(D) ફર્નિચર

19) રોકાણો પર મળેલ ડિવિડન્ડ કે વ્યાજની રકમ .......

(A) કામગીરીની પ્રવૃત્તિમાં રોકડ પ્રવાહમાં ઉમેરાય છે.
(B) નાણાકીય પ્રવૃત્તિમાં રોકડ પ્રવાહમાંથી બાદ થાય છે.
(C) રોકાણની પ્રવૃત્તિમાં રોકડ પ્રવાહમાં ઉમેરાય છે.
(D) રોકાણની પ્રવૃત્તિમાં રોકડ પ્રવાહમાંથી બાદ થાય છે.

20) ગયા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે પાઘડીની રકમ વધે તો .......

(A) પાઘડીનું વેચાણ કહેવાય.
(B) પાઘડીની ખરીદી કહેવાય.
(C) પાઘડી માંડીવાળી કહેવાય.
(D) ઉપરના બધા

## વિભાગ - B

■ **નીચેના 21 થી 30 સુધીના પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. દરેક પ્રશ્નનો 1 ગુણ છે.** **[10]**

21) પાઘડી પાકા સરવૈયામાં કયા મથાળા હેઠળ દર્શાવવામાં આવે છે ?

22) પુનઃમૂલ્યાંકન ખાતાને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?

23) નિવૃત્તિ કે મૃત્યુ વખતે તે ભાગીદારને તેના ભાગની પાઘડી કોના દ્વારા આપવામાં આવે છે ?

24) મરજિયાત વિસર્જન એટલે શું ?

25) માલ-મિલકત નિકાલ ખાતાનો અર્થ સમજાવો.

26) કંપની ધારા, 2013 મુજબ કંપની કેટલા વર્ષની મુદતના ડિબેન્ચર બહાર પાડી શકે ?

27) ગુણોત્તર એટલે શું ?

28) કામગીરી ગુણોત્તર શોધવા નાણાકીય ખર્ચાઓનો સમાવેશ થાય છે ?

29) નાણાકીય પ્રવૃત્તિઓ એટલે શું ?

30) ચૂકવેલ બાયધરી કમિશન કઈ પ્રવૃત્તિમાં ધ્યાનમાં લેવાય છે ?

## વિભાગ - C

■ **નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો. દરેકના 3 ગુણ છે. (કોઈપણ ચાર)** **[12]**

31) રોહિત, વિરાટ અને અનિલ સરખા હિસ્સાના ભાગીદારો છે. તેમની કુલ મૂડી ₹ 3,00,000 છે. તેમની મૂડીનું પ્રમાણ 2 : 3 : 5 છે. પેઢી મૂડી પર વાર્ષિક 6% ના દરે વ્યાજ ચૂકવે છે. ભાગીદાર વિરાટને મૂડીના વ્યાજ સહિત ₹ 45,400 મળ્યા છે. તો ભાગીદાર રોહિત અને અનિલને મૂડીના વ્યાજ સહિત કેટલા રૂપિયા મળશે ?

32) આજુ, બાજુ અને કાજુ એક પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફાની વહેચણીનું પ્રમાણ 5 : 4 : 3 નું છે. બધાજ ભાગીદારોએ મળીને નફા-નુકશાનની વહેચણીનું પ્રમાણ બદલીને નવું પ્રમાણ 2 : 2 : 1 નું નક્કી કર્યું છે. આ માહિતી પરથી લાભનું પ્રમાણ શોધો.

33) નીચેના વ્યવહારોની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો. (બા.જે. જરૂરી નથી)

(1) વિસર્જન સમયે પાકા સરવૈયામાં જમીન-મકાન ₹ 8,00,000 અને રોકાણો ₹ 2,00,000 દર્શાવેલા છે. તેના અનુક્રમે ₹ 9,00,000 અને ₹ 1,50,000 ઉપજ્યા.

(2) ચોપડે પાઘડી દર્શાવેલ નથી. છતાં વિસર્જન સમયે તેના વેચાણના ₹ 50,000 ઉપજ્યા.

(3) આવક વેરાની જવાબદારી ₹ 30,000 ચૂકવવાની થઈ. જે ચોપડે નોંધેલ નથી, જે ચૂકવી આપી.

34) ભાગીદારી પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલી નીચેની બાકીઓનો નિકાલ કેવી રીતે કરશો ?

(1) સામાન્ય અનામત

(2) કારીગર અકસ્માત વળતર ભંડોળ

(3) ઘસારા ફંડ

35) અદિતિ લિમિટેડ તા. 1-6-2018 ના રોજ ₹ 200 નો એક એવા 8 ટકાના ₹ 10,000 ડિબેન્ચર 5 ટકાના પ્રીમિયમથી બહાર પાડ્યા. જે તા. 31-5-2023 ના રોજ ડિબેન્ચર દીઠ ₹ 220 ની કિંમતે પરત કર્યા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બા.જે. વગર)

36) શેર અને ડિબેન્ચર વચ્ચેનો તફાવત આપો.

## વિભાગ - D

■ **નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ જરૂરી ગણતરી સાથે લખો. દરેકના 4 ગુણ છે. (કોઈપણ ત્રણ)** **[12]**

37) નીચેની માહિતી પરથી રાહુલ અને ગૌતમ ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લા પાંચ વર્ષના ભારિત સરેરાશની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2018-19 | 20,000 |
| 2019-20 | 30,000 |
| 2020-21 | 37,500 |
| 2021-22 | 45,000 |
| 2022-23 | 60,000 |

38) હેમા, રેખા અને રાખી એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓ પોતના નફા-નુકશાન 3 : 2 : 1 ના પ્રમાણમાં વહેંચતા હતાં તે બદલીને 1 : 1 : 1 કરવાનું નક્કી કર્યું. તેથી પાઘડીનું મૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું. ભાગીદારી પેઢીના નફા અંગે તથા અન્ય માહિતીના ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત અધિક નફાની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

મિલકતો= ₹12,00,000, દેવા ₹5,00,000, અપેક્ષિત વળતરનો દર = 10%.

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2021-22 | 1,60,000 |
| 2022-23 | 1,40,000 |
| 2023-24 | 1,80,000 |

39) મનુ કંપની લિમિટેડના તા. 31-3-2023 અને તા. 31-3-2024 ના રોજ પૂરાં થતાં વર્ષના નીચે આપેલા નફા-નુકશાનના પત્રકો પરથી તુલનાત્મક નફા-નુકશાનનું પત્રક બનાવો.

| વિગત | નોંધ નંબર | 31-3-2024 (₹ માં) | 31-3-2023 (₹ માં) |
|---|---|---|---|
| વેચાણની ઉપજ | | 45,00,000 | 52,00,000 |
| અન્ય આવકો | | 2,00,000 | 10,00,000 |
| ચોખ્ખી ખરીદી | | 32,00,000 | 38,00,000 |
| અન્ય ખર્ચા (વેચાણની ટકાવારી) | | 22% | 18% |
| આવકવેરાનો દર 30% | | | |

40) 'એલ' કંપની લિમિટેડની નીચેની વિગતો પરથી સ્ટોક ઉપલો (સ્ટોક ચલનદર) ગણો.

| વિગત | (₹) |
|---|---|
| વેચાણ | 30,00,000 |
| શરૂનો સ્ટોક | 3,50,000 |
| આખરનો સ્ટોક | 2,50,000 |
| ખરીદી | 12,00,000 |
| કાચા નફાનો દર | 30% |

41) નીચે આપવામાં આવેલ માહિતીના આધારે રોકાણની પ્રવૃત્તિઓમાંથી ઉદ્‌ભવતા રોકડ પ્રવાહની ગણતરી કરો.

| વિગત | (₹) |
|---|---|
| બિન ચાલુ રોકાણોનું વેચાણ | 88,000 |
| જમીનની ખરીદી | 1,48,000 |
| યંત્રની ખરીદી | 98,000 |
| ફર્નિચર વેચાણ | 45,000 |
| રોકાણો પર ડિવિડન્ડ મળ્યું | 40,000 |
| પાઘડી ચૂકવ્યા | 32,000 |
| શેર બહાર પાડ્યા | 1,20,000 |
| ડિબેન્ચર પરત કર્યા | 45,000 |
| લોન લીધી | 28,000 |

## વિભાગ - E

**નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો. દરેકના 8 ગુણ છે. (કોઈપણ ત્રણ)** **[24]**

42) રવિ અને કિશન 2 : 1 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2024 ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત - લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતા : | | | પાઘડી | | 36,000 |
| રવિ | 1,60,000 | | જમીન-મકાન | | 1,44,000 |
| કિશન | 1,20,000 | 2,80,000 | યંત્રો | | 80,000 |
| સામાન્ય અનામત | | 36,000 | સ્ટોક | | 72,000 |
| કારીગર વળતર અનામત | | 9,000 | દેવાદારો | 48,000 | |
| રોકાણ અનામત | | 3,000 | – ઘા.ખા.અનામત | 4,000 | 44,000 |
| લેણદારો | | 56,000 | રોકાણો | | 16,000 |
| દેવી હૂંડી | | 24,000 | રોકડ-બેંક | | 4,000 |
| | | | જાહેરાત ઝુંબેશ ખર્ચ | | 12,000 |
| | | **4,08,000** | | | **4,08,000** |

તેઓએ 1-4-2024 થી સુશીલને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોએ દાખલ કર્યા -

(1) સુશીલ ₹ 2,00,000 મૂડી તરીકે અને ₹ 48,000 પાઘડી પેટે રોકડા લાવશે.

(2) જમીન-મકાનની કિંમત ₹ 34,000 થી વધારવી.

(3) યંત્રોની કિંમત ₹ 64,000 સુધી ઘટાડવી.

(4) દેવાદારો પર 10% ઘાલખાધ અનામત રાખવી.

(5) નહિ ચૂકવેલ વીજળી બિલ ₹ 2,200 ની જોગવાઈ કરવી.

(6) ત્રણેય ભાગીદારોનું નવું નફા-નુકશાનનું પ્રમાણ 2 : 1 : 2 રાખવું.
જરૂરી પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોના મૂડીખાતા, રોકડ-બેંક ખાતું અને પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**43)** સૂર્ય અને ચંદ્ર 3 : 2 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચે છે. તા. 31-3-2024 ના રોજ તેમનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

પાકું સરવૈયું

| મૂડી - દેવાં | | રકમ (₹) | મિલકત - લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| લેણદારો | | 64,000 | બેન્ક | | 56,000 |
| સામાન્ય અનામત | | 12,000 | દેવાદારો | 80,000 | |
| રોકાણ વધઘટ અનામત | | 6,000 | શકમંદ લેણાં | | |
| કારીગર નફા ભાગભંડોળ | | 45,000 | જોગવાઈ | – 4,000 | 76,000 |
| મૂડી ખાતા - | | | રોકાણો | | 90,000 |
| સૂર્ય | 1,00,000 | | મકાન | | 60,000 |
| ચંદ્ર | 80,000 | 1,80,000 | યંત્રો | | 25,000 |
| | | **3,07,000** | | | **3,07,000** |

તારાને તા.1-4-2024 થી નીચેની શરતોએ નવા ભાગીદાર તરીકે દાખલ કરી.

(1) તારા પાઘડીના ₹ 20,000 રોકડમાં લાવશે.

(2) શકમંદ લેણાં જોગવાઈ જરૂરી નથી.

(3) યંત્રની કિંમતમાં 10% ઘટાડો કરવો.

(4) મકાનની બજાર કિંમત ₹ 1,00,000 છે.

(5) રોકાણોની બજાર કિંમત ₹ 98,500 છે.

(6) તારા મૂડી તરીકે સૂર્ય અને ચંદ્રની નવી પેઢીમાં કુલ મૂડીના 20% જેટલી મૂડી લાવશે.

(7) નવું નફા-નુકશાનનું પ્રમાણ 2 : 2 : 1 રાખવું.

(8) સૂર્ય અને ચંદ્ર તેમની કુલ મૂડી તેમના સંબંધિત નવા નફા-નુકશાનના પ્રમાણમાં રાખશે.

જરૂરી ખાતા અને પાકું સરવૈયું તૈયાર કરો.

44) L, B અને W 3 : 2 : 1 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31-3-2024 ના રોજનું પાકું સરવૈયું નીચે આપેલ છે.

**પાકું સરવૈયું**

| જવાબદારી | | રકમ (₹) | મિલકતો | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી | | | જમીન-મકાન | | 1,00,000 |
| L | 60,000 | | યંત્રો | | 40,000 |
| B | 40,000 | | રોકાણો | | 20,000 |
| W | 20,000 | 1,20,000 | સ્ટોક | | 20,000 |
| સામાન્ય અનામત | | 12,000 | દેવાદારો | 40,000 | |
| લેણદારો | | 88,000 | ઘા.ખા.અનામત | – 4,000 | 36,000 |
| | | | રોકડ | | 4,000 |
| | | **2,20,000** | | | **2,20,000** |

તા. 31-3-2024 ના રોજ W નિવૃત્ત થાય છે. નિવૃત્તિ વખતે નક્કી થયેલી શરતો નીચે પ્રમાણે છે -

(1) જમીન-મકાનની કિંમત 20% થી વધારવી.

(2) યંત્રોની કિંમત 90% સુધી ગણવી.

(3) રોકાણોની બજારકિંમત ચોપડે કિંમતના 150% છે.

(4) દેવાદારો પર ઘાલખાધ અનામત 5% થી ઘટાડવાની છે.

(5) પેઢીની પાઘડી ₹ 72,000 નક્કી કરવામાં આવી.

(6) એક કર્મચારીને ₹ 4,000 પગાર ચૂકવવાનો બાકી છે.

(7) L અને B એટલી રોકડ પેઢીમાં લાવશે કે જેથી W ની લેણી રકમ ચૂકવાઈ જાય અને પેઢીમાં ₹ 28,000 કાર્યશીલ મૂડી માટે સિલક રહે અને નવી પેઢીમાં નવી મૂડી તેમના નફા-નુકશાનના પ્રમાણમાં થાય. જરૂરી ખાતા તૈયાર કરી નવી પેઢીનું પાકું સરવૈયું બનાવો.

45) વિષ્ણુ સ્ટીલ લિમિટેડ ₹ 10 નો એક એવા 6,00,000 ઇક્વિટી શેર બહાર પાડ્યા, જેના પર નીચે મુજબ રકમ ચૂકવવાની હતી (બાબત જે વગર)

| | | |
|---|---|---|
| અરજી સાથે | શેરદીઠ | ₹ 3 |
| મંજૂરી વખતે | શેરદીઠ | ₹ 4 |
| પ્રથમ અને આખરી હપ્તા વખતે | શેરદીઠ | ₹ 3 |

કંપનીને જાહેર જનતામાંથી 7,35,000 શેર માટે અરજીઓ મળી. વધારાની મળેલ અરજીઓ નામંજૂર કરી તેના પર અરજી વખતે મળેલ નાણાં પરત કરવામાં આવ્યા.

રામ કે જેના 1,000 શેર મંજૂર કરવામાં આવ્યા હતાં. તેણે મંજુરી અને આખરી હપ્તાની રકમ ચૂકવી ન હતી. રહીમ કે જેના 600 શેર મંજૂર કરવામાં આવ્યા હતાં તેણે આખરી હપ્તાની રકમ ચૂકવી ન હતી.

કંપનીએ જે શેર પર હપ્તા બાકી હતાં તે શેર જપ્ત કર્યા. જપ્ત કરેલ બધા શેર શેરદીઠ ₹ 7 લેખે પૂરા ભરપાઈ થયેલા ગણીને ફરી બહાર પાડ્યા.

ઉપરના વ્યવહારો નોંધવા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

46) નીચે આપેલી વિગતો પરથી કંપનીના ચોપડે શેરજપ્તી અંગેની તેમજ જપ્ત થયેલ શેર ફરી બહાર પાડવાની આમનોંધ લખો. (બા. જે જરૂરી નથી)

(1) ₹ 10 નો એક એવા 1,600 ઇક્વિટી શેર ધારણ કરનાર એક શેરહોલ્ડરે મંજુરીના શેરદીઠ ₹ 4 તથા હપ્તાના શેરદીઠ ₹ 3 નહી ચૂકવતા કંપનીએ તેના શેર જપ્ત કર્યા. શેરહોલ્ડરે અરજી સમયે શેરદીઠ ₹ 3 ભરેલા છે. જપ્ત થયેલા શેર શેરદીઠ ₹ 8 લેખે ફરી બહાર પાડવામાં આવ્યા.

(2) એસ.કે. કંપની લિમિટેડે અમૂલના દરેક ₹ 10 નો એક એવા 300 શેર જપ્ત કર્યા હતા. અમૂલે શેરઅરજી તથા મંજુરી પેટે દરેક શેરદીઠ ₹ 5 ભર્યા હતા. જ્યારે પ્રથમ હપ્તાના અને બીજા હપ્તાના અનુક્રમે શેરદીઠ ₹ 3 અને ₹ 2 ભર્યા ન હતા. તેમાંથી 200 શેર દરેક શેરદીઠ ₹ 6 ના ભાવથી શીતલને ફરી વેચ્યા હતા.

(3) મંજૂરીના શેરદીઠ ₹ 4 અને પ્રથમ અને આખરી હપ્તાના શેરદીઠ ₹ 3 નહિ ભરતાં કંપનીએ કાર્તિકે ધારણ કરેલા ₹ 10 નો એક એવા 600 ઇક્વિટી શેર જપ્ત કર્યા અને તે બધા શેર આપી શકાય તેટલો વધુમાં વધુ વટાવ આપી ફરી બહાર પાડ્યા. જે મનુએ ખરીદ્યા હતા.

## વિભાગ - F

■ **નીચેના પ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ આપો. દરેકના 11 ગુણ છે.** **[22]**

47) મન અને મોહન મૂડીના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. નીચે દર્શાવેલા કાચા સરવૈયાં અને હવાલાઓને ધ્યાનમાં લઈ પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**મન અને મોહનની ભાગીદારી પેઢીનું તા.31-3-2024 ના રોજનું**

**કાચુ સરવૈયું**

| ખાતાનું નામ | ઉધાર બાકી (₹) | જમા બાકી (₹) |
|---|---|---|
| મનની મૂડી અને ઉપાડ | 20,000 | 1,00,000 |
| મોહનની મૂડી અને ઉપાડ | 14,000 | 50,000 |
| વેપારીઓ અને ગ્રાહકો | 90,000 | 60,000 |
| માલ પરત | 2,000 | 3,000 |
| હુંડીઓ | 15,000 | 20,800 |
| રોકડ અને બેન્ક | 1,000 | 14,000 |
| ઘાલખાધ અને ઘાલખાધ અનામત | 400 | 1,300 |
| ખરીદ અને વેચાણ | 1,40,000 | 2,60,500 |
| મજુરી અને મજુરીના બાકી દેવા | 35,000 | 2,000 |
| મશીનરી (ઑફિસ) | 36,500 | — |
| મશીનરીનો ઘસારો | 3,500 | — |
| ફર્નિચર | 12,000 | — |
| શરૂનો સ્ટોક | 46,100 | — |
| અગાઉથી ચૂકવેલ વીમો | 200 | — |
| પગાર | 23,000 | — |
| વીમા-પ્રિમિયમ | 2,000 | — |
| ભાડુ અને કરવેરા | 12,000 | — |
| જાહેરાત ખર્ચ | 2,900 | — |
| પાઘડી | 72,000 | — |
| ભાડાપટાનું મકાન (તા.1-10-2021 થી પાંચ વર્ષ માટે) | 14,000 | — |
| હર્ષની 8% ની લોન (તા.1-11-2023) | — | 30,000 |
| **કુલ સરવાળો** | **5,41,600** | **5,41,600** |

હવાલા :

(1) આખર સ્ટોક ₹ 1,10,000 છે. જેની બજાર કિંમત 20% વધુ છે.
(2) ભાગીદારોની મૂડી પર વાર્ષિક 6% લેખે વ્યાજ ચૂકવવાનું છે.
(3) ભાગીદારો પાસેથી ઉપાડ પર વ્યાજ વસુલ કરવાનું છે. મન ₹ 900, મોહન ₹ 600.
(4) દેવાદારો પર 5% ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.
(5) હિસાબી વર્ષના અંતે ચૂકવવાના બાકી ખર્ચા આ મુજબ છે -
ભાડું - ₹ 300, પગાર - ₹ 950.
(6) મશીનરી પર 10% અને ફર્નિચર પર 5% ઘસારો ગણો.

48) તા. 31-3-2024ના રોજનું શંકર લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે :

| વિગતો | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | — | 7,20,000 |
| ઓફિસ અને વેચાણ ખર્ચ | 72,000 | — |
| ખરીદી | 12,78,000 | — |
| 10% ના ડિબેન્ચર | — | 3,60,000 |
| વેચાણ | — | 28,80,000 |
| સોફ્ટવેર | 3,60,000 | — |
| બોનસ | 72,000 | — |
| ડિબેન્ચરનું વ્યાજ | 36,000 | — |
| પગાર | 9,00,000 | — |
| પ્રોવિડન્ટ ફંડ | — | 14,400 |
| જમીન-મકાન | 6,84,000 | — |
| શરૂઆતનો સ્ટોક | 1,08,000 | — |
| મળેલ વ્યાજ | — | 46,800 |
| દેવાદારો | 5,40,000 | — |
| લેણદારો | — | 28,800 |
| | **40,50,000** | **40,50,000** |

અન્ય માહિતી :

(1) આખર સ્ટોક ₹ 1,26,000.
(2) નફાના 50% કરવેરાની જોગવાઈ કરો.
આપેલી વિગતો પરથી તા. 31-3-2024ના રોજ પૂરા થતાં વર્ષ માટે કપંની ધારા 2013ના પરિશિષ્ટ - III મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરો. હિસાબોને લગતી નોંધ જરૂરી નથી.

◆◆◆